## ચૂંટણી ચોતરેથી

● કોંગ્રેસના નેતા મણીશંકર ઐય્યરના નીચ શબ્દ પ્રયોગથી દેશભરમાં રાજકીય ગરમાવો. મણીશંકર ઐય્યર અને રાહુલ ગાંધીએ માફી માંગી લીધી છતાં ભાજપ દ્વારા વિવાદ ચાલુ રખાયો.

● ગાંધીનગર રામકથા મેદાન પર રાહુલ ગાંધી અને અલ્પેશ ઠાકોરની જાહેરસભાઓ યોજાશે.

● ગોંડલમાં ભાજપના ઉમેદવાર ગીતાબા જયરાજસિંહ જાડેજાનો આઠ કિલોમીટર લાંબો રોડશો યોજાયો હતો.

● ભાવનગર અને બોટાદના પચાસ ગામોમાં હાર્દિક પટેલે એક સાથે ડીજીટલ મીડિયાના સહયોગથી સભાઓ સંબોધી હતી.

● ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ખેરાલુ, સિદ્ધપુર અને દહેગામ ખાતે ચૂંટણી પ્રચાર સભાઓ સંબોધી હતી.

● થરાદના અપક્ષ ઉમેદવાર માવજીભાઈ પટેલને કોંગ્રેસે સસ્પેન્ડ કર્યા.

● પૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંહે રાજકોટમાં પત્રકાર પરિષદમાં નોટબંધી અને જીએસટી મામલે ભાજપ પર આકરા પ્રહાર કર્યો.

● ખોડલધામના પ્રમુખ પરેશભાઈ ગજેરાએ સ્પષ્ટતા હતી કે ખોડલધામ બિનરાજકીય સંસ્થા છે ભાજપ કે કોંગ્રેસ કોઈને ટેકો આપવાનો પ્રશ્ન થતો જ નથી.

● જામનગરમાં ભંગણા ગામના ગ્રામજનોએ પાણીની સમસ્યા મામલે મતદાન બહિષ્કારનો નિર્ણય કર્યો.

● સુરતમાં અહેમદ પટેલના મુખ્યમંત્રી પદના ઉમેદવારના લાગેલા પોસ્ટર્સનું ખંડન કરતા કહ્યુ હતુ કે હુ ક્યારેય મુખ્યમંત્રી પદનો ઉમેદવાર છે નહી અને ક્યારેય રહીશ નહી.

● કચ્છમાં ભાજપનો પ્રચાર કરવા કચ્છ મિત્રના અગ્રણી દામજીભાઈ એન્કરવાળા પહોંચ્યા.

● માળિયા નગરપાલિકાના ભાજપના સાત સભ્યો કોંગ્રેસમાં જોડાયા.

● આવતીકાલે ભાજપ અને કોંગ્રેસના બે દિગ્ગજો નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધી મહેસાણામાં સભાઓ સંબોધશે.

● ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીના બપોરે યોજાયેલા રોડશોમાં મોટી સંખ્યામાં સમર્થકો ઉમટ્યા હતા.

● દસક્રોઈ ખાતે હાર્દિક પટેલની રેલી રદ કરાઈ.

● હાર્દિક પટેલના નવા ત્રણ વીડિયો મુકાયા.

# ૮૨૨ ઉમેદવાર પૈકીના ૧૦૧ ઉમેદવારો સામે ફોજદારી કેસ

### ગુજરાત ઇલેક્શન વોચ-એડીઆરના વિશ્લેષણમાં તારણો જારી : બીજા તબક્કાની ૯૩ બેઠકો પૈકીની ૧૨ બેઠકો રેડએલર્ટ કે જ્યાં ત્રણ કે તેથી વધુ ઉમેદવારો સામે ફોજદારી ગુનાઓ : ૧૯૯ ઉમેદવાર કરોડપતિ : રિપોર્ટ

અમદાવાદ,તા.૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ ગુજરાત ઈલેકશન વોચ અને એસોસીએશન ફોર ડેમોક્રેટીક રિફોર્મ (એડીઆર) દ્વારા બીજા તબક્કાની ૯૩ વિધાનસભા બેઠકો માટે ઉભા રહેલા ઉમેદવારોના ૮૫૧ સોગંદનામાંમાંથી ૮૨૨ નું ખૂબ જ મહત્વપૂર્ણ વિશ્લેષણ અને અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. ૨૯ ઉમેદવારોના સોંગદનામાં સરખી રીતે સ્કેન નહી થયા હોઈ વંચાતા ન હોઈ તેનું વિશ્લેષણ કરાયું ન હતું. ગુજરાત ઈલેકશન વોચ અને એડીઆરના વિશ્લેષણમાં ચોંકાવનારા અને રસપ્રદ તારણો સામે આવ્યા હતા, જે મુજબ, કુલ ૮૨૨ ઉમેદવારોમાંથી ૧૦૧ એટલે કે, ૧૨ ટકા ઉમેદવારો સામે ફોજદારી કેસો દાખલ થયેલા છે તે તેઓએ તેમના સોંગદનામામાં સ્વીકાર્યું છે. આ ૧૦૧માંથી ૬૪ ઉમેદવારો એટલે કે, આઠ ટકા ઉમેદવારો સામે ખૂન, ખૂનની કોશિશ, અપહરણ સહિતના ગંભીર ગુનાઓ નોંધાયેલા છે એમ અત્રે ગુજરાત ઈલેકશન વોચ અને એડીઆરના હેડ મેજર જનરલ અનિલ વર્મા(નિવૃત્ત) અને કો-ઓર્ડિનેટર પંકિત જોગે જણાવ્યું હતું.

બીજા તબક્કાના વિશ્લેષણમાં કુલ ૮૨૨ ઉમેદવારોમાંથી ૧૯૯ ઉમેદવારો એટલે કે, ૨૪ ટકા તો કરોડપતિ છે. ૮૨૨ ઉમેદવારોમાંથી ૮ ટકા એટલે કે, ૬૬ ઉમેદવારો તો પાંચ કરોડથી પણ વધુની આવક ધરાવે છે, જયારે ૮ ટકા ઉમેદવારો એટલે કે, ૬૪ ઉમેદવારો બેથી પાંચ કરોડની આવક ધરાવે છે. જયારે ૨૧ ટકા ઉમેદવારો એટલે કે, ૧૭૧ ટકા ઉમેદવારો રૂ.૫૦ લાખથી રૂ.૨ કરોડની આવક ધરાવે છે. બીજા તબક્કામાં ચૂંટણી લડતા ઉમેદવારોની સરેરાશ મિલકત રૂ.૨.૩૯ કરોડ છે. જયારે માત્ર ૪ ઉમેદવારોએ પોતાની મિલકત ઝીરો દર્શાવી છે. ગુજરાત વિધાનસભાના બીજા તબક્કાના કુલ ૯૩ વિધાનસભા મતવિસ્તારો પૈકી ૧૨ એટલે કે, ૧૩ ટકા વિધાનસભા મતક્ષેત્રો રેડ એલર્ડ મતવિસ્તારો છે કે, જેમાં ત્રણ કે તેથી વધુ ઉમેદવારોની સામે ફોજદારી ગુનાઓ દાખલ થયેલા છે. ગુજરાત ઈલેકશન વોચ અને એડીઆરના હેડ મેજર જનરલ અનિલ વર્મા(નિવૃત્ત) અને કો-ઓર્ડિનેટર પંકિત જોગે એ મુદ્દે ખાસ ધ્યાન દોર્યું હતું કે, ૮૨૨ ઉમેદવારો પૈકી ૧૦૯ ઉમેદવારો એટલે કે, ૧૩ ટકા લોકોએ તેમના પાન કાર્ડ નબંરની વિગતો જાહેર કરી નથી. જયારે પાંચ ઉમેદવારોએ ઈન્કમટેક્સ રિટર્નમાં તેમની વાર્ષિક આવક રૂ.એક કરોડથી વધુ જાહેર કરી છે. તો, ૮૨૨ ઉમેદવારોમાંથી ૪૧૫ ઉમેદવારો એટલે કે, ૫૦ ટકા ઉમેદવારોએ પોતાના સોગંદનામામાં ઈન્કમટેક્ષની વિગતો જાહેર કરી નથી. તેમણે ઉમેર્યું હતું કે, વિધાનસભા ચૂંટણી દરમ્યાન ઘણા ઉમેદવારો દ્વારા તેમના ઉમેદવારીપત્રમાં કોલમ રાખવામાં આવે છે, ઈન્કમટેક્ષ, પાનકાર્ડ, આવક સહિતની વિગતો જાહેર કરાતી નથી અથવા તો અધૂરી માહિતી અપાય છે તો અંગે સ્ક્રુટીની સમયે જરૂરી પગલાં લેવાની ચૂંટણી પંચને સત્તા છે કે ઉમેદવારનું ફોર્મ રદ કરી શકે. એટલું જ નહી, જાહેરજનતા અથવા તો નાગરિકોની પણ જે તે ઉમેદવારોની માહિતી કે હકીકત જાણતા હોય તો ચૂંટણી પંચનુંધ્યાન દોરી સોંગદનામામાં લખેલી વિગતો ખોટી અથવા તો ભૂલભરેલી હોય તો ચૂંટણી પંચનું ધ્યાન દોરવાની ફરજ છે.




# માર્ક ઝુકરબર્ગે હાર્દિક પટેલને સિલિકોન વેલી આવવા આમંત્રણ

### સુરતની જાહેર સભાનુ ફેસબુક પર ૩૭ હજાર ફેસબુક યુઝર્સે જીવંત પ્રસારણ જોવાનો વિશ્વવિક્રમ : દસ જાહેર સભાને ૪૦ લાખ લાઈક મળ્યા

સુરતમાં હાર્દિક પટેલના રોડ શો અને જાહેરસભા બાદ તે વૈશ્વિક હિરો બની ગયો છે. હાર્દિકની સુરતની સભા ફેસબુક ઉપર ૩૭ હજાર લોકોએ જોઈ હતી. હાર્દિકના એ રેકોર્ડને કારણે ફેસબુકના માલિક માર્ક ઝુકરબર્ગે હાર્દિકને સિલિકોન વેલી આવવા આમંત્રણ આપ્યુ છે. ગુજરાતના ચૂંટણીમાં અનેક નેતાઓ પોતાની સભા ફેસબુક લાઈવ કરે છે. પણ હાર્દિકે તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. ખાસ હાર્દિક હજી સક્રિય રાજકારણનો હિસ્સો પણ નથી ત્યારે તેની સિદ્ધિની ફેસબુક દ્વારા નોંધ લેવામાં આવી છે.

એક તરફ અખબારો અને ટીવી ચેનલોમાં હાર્દિક પટેલની સભાનું કવરેજ થાય નહીં તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. પણ હાર્દિક ફેસબુક અને સોશીયલ મીડીયા મારફતે લોકો સુધી પહોંચવામાં બધા કરતા આગળ નિકળી ગયો છે. તો ૨૭ નવેમ્બરના રોજ હાર્દિકે ફેસબુક દ્વારા લોકો સાથે સંવાદ કરતા ૬ લાખ લાઈક મળી હતી. અને ૩૦ હજાર લોકોએ કોમેન્ટ કરી હતી. જ્યારે પાંચ હજાર લોકોએ તેની પોસ્ટ શેર કરી હતી. હાર્દિકના પેઈજ લાઈક આઠ લાખ છે, જ્યારે સવા આઠ લાખ લોકો તેને ફોલો કરે છે. જ્યારે સામે ભાજપને ૨૫ લાખ લાઈક અને ૨૫ લાખ લોકો ફોલો કરતા હોવા છતાં હાર્દિકની સુરતની સભાએ બધાને હરાવી દીધા છે. હાર્દિકની છેલ્લી દસ સભાના ૪૦ લાખ લાઈક મળ્યા છે.



# ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો માટે પ્રચાર પડધમ શાંત

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો માટે શનિવારે યોજાનારી ચૂંટણી માટેના જાહેર પ્રચાર પડધમ આજે શાંત થયા છે. જેમાં વડાપ્રધાન મોદી આજે સુરત પ્રચાર સભા સંબોધી હતી . જયારે રાહુલ ગાંધીએ પ્રથમ તબક્કાનો ચુંટણી પ્રચાર મહદઅંશે પૂર્ણ કરી લીધો છે. ગુજરાતનો આ પ્રતિષ્ઠિત જંગ જીતવા ભાજપ અને કોંગ્રેસે એડી ચોટીનું જોર લગાવ્યુ છે અને પોતાની પુરેપુરી તાકાત કામે લગાડી છે. ભાજપ ગુજરાતમાં ૨૨ વર્ષથી સત્તાના સિંહાસન ઉપર છે અને તે સતત છઠ્ઠી વખત વિકાસના નામે મત માંગી સત્તાનું સુકાન સંભાળવા માંગે છે તો કોંગ્રેસ ૨૨ વર્ષનો વનવાસ પુરો કરી નવસર્જનના નામે ગુજરાતની ગાદી સંભાળવા થનગની રહેલ છે.

ગુજરાતમાં પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનેલી આ ચૂંટણીમાં દેશભરમાંથી રાજકીય પક્ષોના નેતાઓ અને કાર્યકરો ઉમટી પડયા છે. ચૂંટણી આડે હવે માત્ર કલાકો જ બાકી રહ્યા હોવાથી તમામ પક્ષોએ કરો યા મરોની જેમ પ્રચારમાં ઝુકાવી દીધુ છે. આજે સૌરાષ્ટ્ર-કચ્છ અને દ.ગુજરાતના વિવિધ નાના-મોટા શહેરો અને ગામોમાં જોરશોરથી પ્રચાર થઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ અનેક સ્થળે સભાઓ ગજવી હતી તો કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પણ પુરી તાકાતથી પ્રચાર કર્યો હતો. કેન્દ્રીય મંત્રીઓની ફોજે આજે જોરશોરથી પ્રચાર કર્યો હતો. જેમાં રોડ-શો, જાહેરસભાઓ, રેલીઓ, મેળવડા, સંમેલનો વગેરે યોજાયા છે. તો બીજી તરફ ગુજરાતમાં ચૂંટણી ન્યાયપુર્ણ અને નિષ્પક્ષ થાય તે માટે ચૂંટણી પંચે તમામ તૈયારીઓ પુરી કરી લીધી છે.



### બીજા તબક્કાના ૬૪ ઉમેદવારો સામે ગંભીર ગુનાઓ બોલે છે

# ઉમેદવારોના ગુન્હાહિત ઈતિહાસનું રસપ્રદ વિશ્લેષણ

કુલ ૮૨૨ ઉમેદવારોમાંથી ૧૦૧ એટલે કે, ૧૨ ટકા ઉમેદવારો સામે ફોજદારી કેસો દાખલ થયેલા છે. જેમાંથી ૬૪ ઉમેદવારો સામે ગંભીર ગુનાઓ બોલે છે. ભારતીય જનતા પાર્ટીના એક ઉમેદવાર મહેશભાઈ સોમજીભાઈ ભુરિયા(ઝાલોદ વિધાનસભા-એસટી) સામે આઈપીસીની કલમ-૩૦૨ હેઠળ મર્ડર અને આઈપીસી કલમ-૩૭૬ હેઠળ બળાત્કારનો ગંભીર ગુનો નોંધાયેલો છે, જયારે આ જ વિધાનસભા મતક્ષેત્રના ઉમેદવાર કટારા ભાવેશ બાબબુભાઈ સામે પણ આઈપીસીની કલમ-૩૦૨ હેઠળ મર્ડરનો ગુનો નોંધાયેલો છે. જયારે આઠ ઉમેદવારો સામે ખૂનની કોશિશ અંગે આઈપીસી કલમ-૩૦૭ હેઠળ ગુનો નોંધાયેલો છે. તો, બે ઉમેદવારો સામે મહિલાઓ પર બળાત્કાર અંગેના આઈપીસીની કલમ-૩૭૬ હેઠળ કેસ નોંધાયા છે, જયારે બે ઉમેદવારની સામે મહિલાઓની ગરિમાને નુકસાન અને અપમાન કરવાનો કેસ નોંધાયેલો છે. ત્રણ ઉમેદવારો સામે આઈપીસીની કલમ-૩૬૫ મુજબના અપહરણ અને ખોટી રીતે ગોંધી રાખવાનો ગુનો દાખલ થયો છે.

**પક્ષ પ્રમાણે ફોજદારી કેસોનું વિશ્લેષણ**

વિશ્લેષણ કરાયેલા ઉમેદવારોના સોંગદનામામાંથી ભાજપ પક્ષના કુલ ૮૬ ઉમેદવારોમાથી ૨૨ ઉમેદવારો એટલે કે, ૨૬ ટકા સામે ગુનાઓ નોંધાયેલા છે. જેમાં ૧૫ ઉમેદવારો એટલે કે, ૧૩ ટકા સામે ગંભીર ગુનાઓ નોંધાયા છે. આ જ પ્રકારે કોંગ્રેસના ૮૮ ઉમેદવારોમાંથી ૨૫ એટલે કે, ૨૮ ટકા સામે ગુનાઓ નોંધાયેલા છે. તેમાથી ૧૮ ઉમેદવારો એટલે કે, ૨૧ ટકા સામે ગંભીર ગુનાઓ છે. તો, અપક્ષ ૩૪૪ ઉમેદવારોમાંથી ૨૩ ઉમેદવારો એટલે કે, ૭ ટકા લોકો સામે ગુનાઓ નોંધાયેલા છે, જેમાંથી ૧૪ ઉમેદવારો એટલે કે, ચાર ટકા સામે ગંભીર ગુનાઓ દાખલ છે.

**રેડ એલર્ટ મતવિસ્તારોની રસપ્રદ હકીકત**

બીજા તબક્કાના કુલ ૯૩ વિધાનસભા મતવિસ્તારો પૈકી ૧૨ એટલે કે, ૧૩ ટકા વિધાનસભા મતક્ષેત્રો રેડ એલર્ડ મતવિસ્તારો છે કે, જેમાં ત્રણ કે તેથી વધુ ઉમેદવારોની સામે ફોજદારી ગુનાઓ દાખલ થયેલા છે. રેડ એલર્ડ મતવિસ્તારો અને બેઠકો અને તેની પરના ગુનાહિત રેકર્ડ ધરાવતા ઉમેદવારોની વાત કરીએ તો, અમદાવાદની વટવા વિધાનસભા બેઠક પર ગુનાહિત રેકર્ડ ધરાવતા પાંચ ઉમેદવારો ત્યારબાદ સાબરકાંઠા, અમદાવાદની જમાલપુર ખાડિયા, બાલાસિનોર, શહેરા, દરિયાપુર, સાબરમતી, થરાદ, સયાજીગંજ, વેજલપુર, વડગામ(એસસી) અને સિધ્ધપુર એ તમામ બેઠક પર ત્રણ-ત્રણ ઉમેદવારો ગુનાહિત રેકર્ડ ધરાવતા ઉભા રહ્યા છે. જેમાં ભાજપ, કોંગ્રેસ સહિતના લગભગ તમામ પક્ષના ઉમેદવારનો સમાવેશ થઈ જાય છે.

**સૌથી વધુ કરોડપતિ ઉમેદવારો ભાજપના**

બીજા તબક્કાના વિશ્લેષણમાં કુલ ૮૨૨ ઉમેદવારોમાંથી ૧૯૯ ઉમેદવારો કરોડપતિ હોવાનું સામે આવ્યું છે. પહેલા તબક્કામાં સૌથી વધુ કરોડપતિ ઉમેદવારો ભાજપના હતા, જયારે બીજા તબક્કામાં સૌથી વધુ કરોડપતિ કોંગ્રેસના ૮૮માંથી ૬૭ કરોડપતિ છે. ભાજપના કુલ ૮૬ ઉમેદવારો પૈકીના ૬૬ એટલે કે, ૭૭ ટકા ઉમેદવારોએ, કોંગ્રેસના ૮૮ પૈકીના ૬૭ ઉમેદવારો એટલે કે, ૭૬ ટકાએ, એનસીપીના ૨૮માંથી ૧૦ ઉમેદવારોએ, આપના ૭માંથી ૫ ઉમેદવારોએ અને બસપાના ૭૪માંથી ૩ ઉમેદવારોએ પોતાની એક કરોડથી વધુની મિલ્કત જાહેર કરી છે. બીજા તબક્કામાં ચૂંટણી લડતા ઉમેદવારોની સરેરાશ મિલકત રૂ.૨.૩૯ કરોડ છે. તો, અમદાવાદની નિકોલ બેઠકના શેખ સલીમુદ્દીન નિઝામુદ્દીન, આ જ બેઠક પરના સોનુલે શૈલેન્દ્રભાઈ, બાપુનગર બેઠકના ઉમેદવાર સોનુલ અર્ચનાબહેન રાજેન્દ્રભાઈ અને આણંદની ઉમરેઠ બેઠકના પટેલ સુનીલ મહેન્દ્રભાઈ એ ચારેય અપક્ષ ઉમેદવારોએ તેમની મિલ્કત ઝીરો હોવાનું સોંગદનામાંમાં દર્શાવ્યું છે, જે નોંધનીય બની રહ્યું છે.

**૮૨૨માંથી ૫૧૮ ઉમેદવારો ધો-૫થી ૧૨ સુધી ભણેલા**

ગુજરાત ઈલેકશન વોચ અને એડીઆર દ્વારા ઉમેદવારોની શૈક્ષણિક લાયકાતના કરાયેલા રસપ્રદ વિશ્લેષણમાં પણ ઘણી ચોંકાવાનારી માહિતી સામે આવી હતી. જે મુજબ, કુલ ૮૨૨ ઉમેદવારો પૈકી ૫૧૮ ઉમેદવારો એટલે કે, ૬૩ ટકા ઉમેદવારો ધોરણ-૫થી ૧૨ સુધીની શૈક્ષણિક લાયકાત ધરાવે છે. ૨૨૭ ઉમેદવારો એટલે કે, ૨૮ ટકા લોકો ગ્રેજયુએટ કે તેથી વધુની શૈક્ષણિક લાયકાત ધરાવે છે. ૪૩ ઉમેદવારો તો માત્ર અક્ષરજ્ઞાન ધરાવે છે. જયારે ૬ ઉમેદવારો એટલે કે, એક ટકા લોકો નિરક્ષર છે છતાં ચૂંટણીમાં ઉભા રહ્યા છે.

**બીજા તબક્કાના ચૂંટણી જંગમાં ૬૧ મહિલા ઉમેદવારો**

ગુજરાત વિધાનસભાની બીજા તબક્કાની ચૂંટણીમાં કુલ ૮૨૨ ઉમેદવારોમાંથી માત્ર ૬૧ એટલે કે, માત્ર સાત ટકા મહિલા ઉમેદવારો લડી રહી છે. ભાજપ, કોંગ્રેસ સહિતના પક્ષોની મહિલા સશિકિતકરણ અને મહિલાઓને સમાનતા અને ૩૩ ટકા અનામતની વાતો ઠગારી નીવડી છે. કુલ વિશ્લેષણ કરાયેલ ૮૨૨ ઉમેદવારો પકીના ૨૯૧ એટલે કે, ૩૫ ટકા ઉમેદવારો ૨૫થી ૪૦ વર્ષની વચ્ચેની ઉમંર ધરાવતા છે, જયારે ૪૧૬ ઉમેદવારો એટલે કે, ૫૧ ટકા લોકો ૪૧થી ૬૦ વર્ષની વચ્ચેની વયના છે. તો, ૧૧૧ ઉમેદવારો એટલે કે, ૪૦ ટકા લોકો ૬૧થી ૮૦ વર્ષની વચ્ચેની વય ધરાવતા છે.

**બે ઉમદવારો તો ૨૫ વર્ષની નીચેના**

બીજા તબક્કાની ચૂંટણીમાં બે ઉમેદવારો તો એવા છે કે, જેમની ઉમંર ૨૫ વર્ષ કરતાં પણ ઓછી છે અને છતાં ચૂંટણીમાં ઉભા રહી ગયા છે. ચૂંટણી પંચે પણ આ અંગે કંઈ પગલા લીધા નથી. જેમાં ઘાટલોડિયાની બેઠક પરથી માત્ર ૧૮ વર્ષની વયના પટેલ શૈલેન્દ્ર કાશીરામભાઈ અને પાલનપુરમાંથી પટણી મહેશ નારણભાઈ અપક્ષ ઉમેદવાર તરીકે ઉભા રહ્યા છે. જયારે સૌથી વધુ વયના ઉમેદવારોમાં દહેગામ બેઠક પર ઓલ ઈન્ડિયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર અમીન વિનુભાઈ બહાદુરભાઈ ૮૨ વર્ષ અને કલોલ બેઠક પરથી ઉભા રહેલા એનસીપીના ઉમેદવાર ઠાકોર કરસનજી મગનજી ૮૨ વર્ષની વય ધરાવે છે. આ બંને સૌથી વધુ વયના છે.

# આજથી રાહુલ ગાંધી ગુજરાતમાં



ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં પ્રથમ તબક્કાના ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થયા છે ત્યારે રાહુલ ગાંધી બીજા તબક્કાના મતદાન વિસ્તારમાં સભા, રેલી અને જનસંપર્ક કરશે. કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ચાર દિવસ માટે રાજ્યના પ્રવાસે આવી રહ્યા છે.

૮ થી ૧૧ ડિસેમ્બર સુધી રાહુલ ગાંધી ઉત્તર, મધ્ય અને અમદાવાદમાં ચૂંટણી પ્રચાર કરશે. ૮મી તારીખે રાહુલ ગાંધી મધ્ય ગુજરાતના છોટા ઉદેપુર, અમદાવાદ, ખેડા અને આણંદ જિલ્લામાં ચૂંટણી પ્રચાર કરશે. તો નવમી ડિસેમ્બરે ઉત્તર ગુજરાતના પાટણ, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં ચૂંટણી પ્રચાર કરશે. ૧૦મી ડિસેમ્બરે પણ રાહુલ ગાંધી ઉત્તર ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરશે. તો ૧૧મી ડિસેમ્બરે અમદાવાદ શહેરમાં ચૂંટણી પ્રચાર કરશે.

# ૨૦૨૨ સુધીમાં ત્રણ કરોડ મકાન : મોદીનું ડ્રીમ જો હકીકત બન્યું તો ૨૦૨૪માં પણ મોદી પ્રધાનમંત્રી

ભારતમાં સસ્તા મકાનો બનાવવાની કેન્દ્ર સરકારની યોજના વર્ષોથી ચાલતી આવે છે પરંતુ ૨૦૧૪ પછી મોદી જ્યારથી વડાપ્રધાન બન્યા છે ત્યારથી રિયલ એસ્ટેટમાં તેમણે વધુ ધ્યાન આપતાં શહેરી ગરીબો અને હવે મધ્યમવર્ગ માટે ઘરનું ઘર સ્વપ્ન નહીં હકીકત બની રહ્યું છે. આઝાદી પછીના સાત દાયકામાં વિવિધ સરકારોએ પ્રયાસો કર્યા છે. કેન્દ્રમાં અટલ બિહારી વાજપેયીની સરકારમાં પણ સસ્તા મકાનો બનાવવાની યોજના હતી તેમ મનમોહનસિંહની સરકારમાં પણ તે વધુ લાઈટમાં આવી હતી. જો કે મોદીનું મિશન છે કે ૨૦૨૨ સુધીમાં પ્રત્યેકને ઘરનું ઘર હોય, એટલે કે આ ચૂંટણી લક્ષી મુદ્દો છે પરંતુ તે અસરકારક છે.

કહેવાય છે કે મોદીના રાજમાં લોકોને મોંઘી રોટી મળે છે. મોંઘા કપડાં મળે છે પરંતુ મોંઘા મકાનો સસ્તા મળે છે. મોદીનું ૨૦૨૨નું આ ડ્રીમ સફળ થશે તો તેમને સત્તા પરથી કોઈની તાકાત નથી કે ઉથલાવી શકે. એટલું જ નહીં ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં પણ તેમને સત્તા પર આવતાં કોઈ રોકી શકશે નહી. મોદીના આ મિશનમાં મત પણ કેન્દ્રસ્થાને છે. ગુજરાતમાં ૨૦૧૨માં કોંગ્રેસે તેના ચૂંટણી ઢંઢેરામાં જ્યારે સસ્તા ઘરની યોજના મૂકી હતી ત્યારે મોદી ગભરાઈ ગયા હતા. વોટબેન્ક ભાજપ પાસેથી સરકતી નજર આવી રહી હતી પરંતુ ભાજપે તેનો ચૂંટણી ઢંઢેરો છેલ્લી ઘડીએ સુધારીને કોંગ્રેસનું ઘરનું ઘર સ્લોગન ઝૂંટવી લીધું હતું જે આજે સમગ્ર દેશમાં ચાલી રહ્યું છે.

ભારતમાં ચંદીગઢ અને ગાંધીનગરની રચના આ થીમ પર થઈ છે. આઝાદી પછીના ૧૯૬૫ થી ૧૯૯૦ના યુગને ઉદારીકરણનો યુગ કહેવાય છે. આ સમયમાં નીતિ નિયમોના બંધનો હતા, પરંતુ આ સમયમાં જ નીતિઓમાં વેગ આવવાના કારણે હાઉસિંગ ફાયનાન્સ સેકટરની વૃધ્ધિ થઈ અને હાઉસિંગ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (હુડકો), નેશનલ હાઉસિંગ બેંક (એનએચબી) અને હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન (એચડીએફસી)ની રચના થઈ.

૧૯૭૬માં શહેરી જમીન ટોચ મર્યાદા ધારો મંજૂર કરવામાં આવ્યો. આ કાયદાનો હેતુ જમીનોના ભાવમાં સટ્ટાકીય વધારાને નિયંત્રિત કરવાનો હતો, પરંતુ આ કાયદાને ત્યારબાદ પશ્ચિમ બંગાળ અને કેરાલા સિવાયના રાજ્યોમાં રદ કરવામાં આવ્યો, કારણ કે કાયદાનો હેતુ પાર પડતો ન હતો. આ ગાળામાં (૧૯૮૮) નોંધપાત્ર બાબત એ બની કે નેશનલ હાઉસિંગ પોલિસી અને નીચલા વર્ગ માટેની રૂરલ હાઉસિંગ યોજનાનો પ્રારંભ થયો.

ઉદારીકરણના સમય પછીના ગાળામાં (૧૯૯૧-૨૦૦૦) સરકારની ભૂમિકા નેશનલ હાઉસિંગ પોલિસીમાં દરખાસ્ત કરાઈ હતી તે મુજબ મકાનો સીધી રીતે જ પૂરા પાડવાને બદલે તે પ્રક્રિયામાં સહાયક બનવાનો હતો. આ નીતિને ફરીથી કાર્યક્ષમ, વૈધાનિક, કાનૂની અને નાણાંકીય માળખાની રચના દ્વારા ખાનગી ક્ષેત્રને રિયલ એસ્ટેટ અને હાઉસિંગ ક્ષેત્રના વિકાસ માટે સક્ષમ બનાવવામાં આવી. વધુમાં, શહેરી વિકાસ અને હાઉસિંગ, શહેરોની સ્થાનિક સંસ્થાઓને સત્તાઓ આપવામાં આવી અને હાઉસિંગ ફાયનાન્સના બજારને વિસ્તૃત બનાવાયું. વર્ષ ૨૦૦૦ પછીના ગાળામાં આર્થિક વૈશ્વિકરણ, ત્વદ્રદ્રેંઈસ નામની શહેરોને તબક્કાવાર સુધારા તરફ લઈ જતા નગર કેન્દ્રીય પ્રોગ્રામનો નાગરિક સેવાના સ્તરે પ્રારંભ થયો અને તેમાં વર્ષ ૨૦૦૫માં ૨૦ અબજ ડોલરનું મૂડી રોકાણ કરવામાં આવ્યુ છે.




કેન્દ્ર સરકારે છેલ્લા પાંચ વર્ષમાં અંદાજે ૧ લાખ કરોડના મૂડી રોકાણ દ્વારા 'અટલ મિશન ઓફ રિજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન' (AMRUT) અને '૧૦૦ સ્માર્ટ સીટી મિશન' હેઠળ મહત્વના સુધારા હાથ ધરવાનો કાર્યક્રમ શરૂ કર્યો તથા પ્રોત્સાહન આધારિત અભિગમ અપનાવીને નાણાંકીય પ્રોત્સાહનોને શહેરી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના વિકાસ સાથે સીધું જોડાણ કર્યું. છર્સ્ઈ દ્વારા પીપીપી મોડલ હેઠળ ૫૦૦ શહેરોમાં પુનઃ શક્તિ સંચાર કરીને બે કરોડ શહેરી પરિવારોને લાભ આપવાનો છે. અગાઉ યુપીએ સરકારના અર્બન રિન્યુઅલ મિશન (JNNURM) હેઠળ ૪૨,૮૦૦ કરોડ નિર્ધારિત કરાયા હતા તે સામે ૩૬,૦૦૦ કરોડ છૂટા કરાયા હતા, જ્યારે એનડીએ સરકારે અમૃત અને સ્માર્ટ સીટી મિશન હેઠળ ૯૮,૦૦૦ કરોડ ખર્ચવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે.

સરકાર તેની નીતિઓમાં જે રીતે શહેરોમાં પરિવર્તન પ્રોત્સાહિત કરવા ઉપર ભાર મૂકે છે તેનું ડિવિડન્ડ મળવાનું શરૂ થઈ ગયું છે. વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન ૧૧,૭૦૫ પ્રોજેક્ટસમાંથી ૪૭ ટકા પ્રોજેક્ટસ મંજૂર કરવામાં આવ્યા હતા અને તે અમલીકરણ હેઠળ છે તેમજ વર્ષ ૨૦૧૯-૨૦ના ગાળા દરમિયાન પૂરા થવાની ધારણા રખાય છે. આ સામે વર્ષ ૨૦૦૫- ૨૦૧૪ના ગાળા દરમિયાન ૩,૧૧૮ પ્રોજેક્ટસમાંથી ૩૯ ટકા મંજૂર કરવામાં આવ્યા હતા. સ્થિતિ એવી બહેતર થઈ છે કે હાલમાં વિદેશી રોકાણકારો સ્માર્ટ સીટીઝમાં રોકાણ કરવા તરફ નજર માંડી રહ્યા છે. અમેરિકા અને ફ્રાન્સ બંનેની ડેવલપમેન્ટ એજન્સીઓએ ત્રણ-ત્રણ સ્માર્ટ સીટીઝ દત્તક લેવાના કરાર ઉપર હસ્તાક્ષર કર્યા છે. જાપાને પણ સ્માર્ટ સીટીના નિર્માણમાં રસ દર્શાવ્યો છે, જ્યારે ચીનની કંપનીઓ પણ મેગા ઈન્ડસ્ટ્રિયલ ટાઉનશીપ વિકસાવવા રસ દાખવી રહી છે.

કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજ પત્રમાં ૩.૯૬ લાખ કરોડ જેટલી વિક્રમ ફાળવણી કરવામાં આવી છે. ધોરિમાર્ગો માટે અંદાજ પત્રમાં ફાળવણી ૫૭,૬૭૬ કરોડથી વધારીને રૂ.૬૪,૦૦૦ કરોડ કરવામાં આવી છે અને ગ્રામ માર્ગો માટેની જોગવાઈ વધારીને ૨૭,૦૦૦ કરોડ સુધી લઈ જવાઈ છે. સરકારે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મોરચે જે નીતિ વિષયક પગલાં લીધા છે તેના પરિણામો દેખાઈ રહ્યા છે. કેન્દ્ર સરકારના માળખાગત સુવિધાઓના ખર્ચમાં વધારો થવાની પ્રક્રિયા, મોદી સરકારે જ્યારે સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારે ત્રણ વર્ષ અગાઉ ૨૦ ટકા હતી તે ઝડપભેર ઘટીને નાણાંકીય વર્ષ ૨૦૧૭ના અંત સુધીમાં ૧૧ ટકા સુધી પહોંચી છે. જે પ્રોજેકટના અમલીકરણમાં કાર્યક્ષમતા અને મંજૂરીઓમાં ગતિશીલતા દર્શાવે છે.

શહેરી ક્ષેત્રે સુધારાના એજન્ડાના ભાગ રૂપે સરકારનું '૨૦૨૨ સુધીમાં સૌના માટે આવાસ' નું મિશન નોંધપાત્ર સ્થાન ધરાવે છે. આ મિશનમાં નવા ઓછી કિંમતના ૩ કરોડ પોસાય તેવા આવાસો (૧ કરોડ ગ્રામ આવાસો સહિત) બાંધવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (REITs) એ એક મહત્વનો સુધારો છે અને તેનાથી મૂડીની અછત ધરાવતા ડેવલપર્સને મૂડી હાથવગી બનશે. બેનામી પ્રોપર્ટી એક્ટનો ઉદ્દેશ કાળું નાણું બહાર લાવવાનો અને અન્ય પગલાં દ્વારા રોકડ વ્યવહારોને દૂર કરવાનો પ્રયાસ કરાયો છે.